નં.એલ.એન.ડી.એસ.આર.૧૫ર/૯૯-ર૦૦૦/વશી/૧ર૬૪/ર૦૦૦
જમીન મહેસુલ શાખા, જિલ્લા પંચાયત કચેરી,
વડોદરા- તા.૬/ ૧૦ / ર૦૦૦.

<u>વાંચ્યા :-</u>

૧. મોજે સયાજીપુરા તા.વડોદરાના સર્વેનં.૭૪ ફા.પ્લોટ નં.૭૮, ટીપી-૧ સયાજીપુરા ની ચો.મી.૪૪૭૮૫ જમીનમાં બીનખેતીની પરવાનગી મળવા તથા બાંધકામ કરવાની પરવાનગી મળવા શ્રી અંબાલાલ મોતીભાઇ પટેલ વિગેરેના કુ.મુ.શ્રી મહેન્દ્રભાઇ ઇશ્વરભાઇ પટેલ રહે. વડોદરાએ તા.૧૬-૯-૯૯ ના રોજ આપેલી અરજી જેની પહોંચ તા.ર૦-૯-૯૯ ના રોજ સ્વીકારેલ હતી પરંતુ તા.૧૩-૧ર-૯૯ ના રોજ વહીવટી કારણોસર નામંજૂર કરવામાં આવેલ છે ત્યારબાદ તા.ર૧-૧ર-૯૯ નાં રોજ પુનઃ વિચારણાની માંગણી કરતાં તા.૧૫-૩-ર૦૦૦ નાં રોજ નામંજૂર કરેલ ત્યારબાદ તા.૧૪-૭-ર૦૦૦ નાં રોજ પુનઃ વિચારણાની માંગણી કરતાં તા.૧૮-૭-ર૦૦૦ નાં રોજ પહોંચ સ્વીકારેલ છે.
ર. વડોદરા જિલ્લા પંચાયતની સામાન્ય સભાના ઠરાવ નં.૩ તા.૧૬-૮-૯૫ ના ઠરાવથી સુપ્રત થયેલ અધિકારો.
૩. તાલુકા વિકાસ અધિકારીશ્રી વડોદરાના પત્ર નં. લેન્ડ-વશી-૭૬૩-૯૯, તા.ર૮-૧૦-૯૯ થી રજુ થયેલ કામના કાગળો.
૪. નાયબ ટાઉન પ્લાનરશ્રી વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ વડોદરાના તા.૭-૮-૯૯ ના પત્ર નંબર વુડા-પરવાનગી-પ્લાન-૫-૧૩૬-૯૯ થી આપેલ વિકાસ પરવાનગી અને મંજુર કરેલ નકશા તથા તા.ર૦-૯-ર૦૦૦ નાં પત્ર નં. વુડીએ-પ્લાન-પરવાનગી-૫-૧૫-ર૦૦૦ તા.ર૦-૯-ર૦૦૦ થી આપેલી રીન્યુઅલ પરવાનગી.
૫. અરજદારે જમીનનો કબજો પોતાની પાસે હોવાનું રજુ કરેલ સોગંદનામું.
૬. કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત (મા.મ.) વિભાગ-૧, જિ.પં. વડોદરાના તા.ર૮-૧૦-૯૯ ના પત્ર નં.પીબી-એન.એ.-૮૬૧/૯૯ થી થઇ આવેલ અભિપ્રાય.
૭ મે.જિલ્લા કલેકટરશ્રી, વડોદરાનાં હુ.નં.આરટીએસ-સુમોટો-૧૬-ર૦૦૦ તા. -૭-ર૦૦૦
૮. સરકારશ્રીના કાયદા વિભાગના એકટ નંબર-૧ર/૯૩ તા.૩૧-૩-૯૩ મ.વિ.ના તા.૫-૫-૯૩ ના જાહેરનામાથી નિયત થયેલ રુપાંતર કરના સુધારેલ દરો.
૯. મહેસુલ વિભાગના ઠરાવ નં.બખપ-૧૦૭૧-૧ર૭૧૦-સ, તા.૧૧-૭-૭ર તથા ઠરાવ નં.બખપ-૧૦૭૧-૭૧૫૪૩-સ, તા.ર૪-૧૦-૭ર ના ડીપોઝીટ લેવાના હુકમો.
૧૦. મહેસુલ વિભાગના ઠરાવ નં.બખપ-૧૦૯૩-૧૦૫ર-ડ, તા.૧૩-૯-૯૩ થી સાર્વજનિક પ્લોટ અને રસ્તાની જોગવાઇ અંગે નકકી કરેલી શરતો.

<u>હુકમ :-</u>

મોજે સયાજીપુરા તા.વડોદરાના સર્વે નંબર-૭૪ ફા.પ્લોટ નં.૭૮, ટીપી-૧ સયાજીપુરા ની જમીન ૪૪૭૮૫ ચો.મીટર જમીનમાં રહેઠાણના હેતુ માટે ખેતીની જમીન બીનખેતીમાં ફેરવવાની પરવાનગી મળવા આમુખ-૧ માં વંચાણે લીધેલ અરજી મંજુર થયેલ નકશા સહ રજુ થયેલ છે.

સબબ, મોજે સયાજીપુરા તા.વડોદરાના સર્વે નં.૭૪ ફા.પ્લોટ નં.૭૮, ટીપી-૧ સયાજીપુરાની ૪૪૭૮૫ ચો.મી.જમીનમાં રહેઠાણના હેતુ માટે જમીન મહેસુલ સંહિતાની કલમ-૬૫(૧) અન્વયે બીનખેતીની પરવાનગી આપવામાં આવે છે. અને આ સાથેના મંજુર કરેલ નકશા પ્રમાણે ક્ષેત્રફળ ૪૪૭૮૫ ચો.મીટરમાં કુલ બાંધકામ ક્ષેત્રફળ ગ્રાઉન્ડ ફલોર ૧૪૬૯ર.૫૭, સ્ટેર કેબીન ૧૩૭.૩૭ (સબ પ્લોટીંગ) ચો.મી.માં ૩૮૧ રહેઠાણના મકાનોના બાંધકામ કરવાની પરવાનગી આ જમીનના ખાતેદાર શ્રી [illegible]ભાઇ પટેલ વિ. ના નામે નીચેની શરતે આપવા હુકમ કરવામાં આવે છે.

૧. બાંધકામ શરુ કરતાં પહેલા ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૦૪ અન્વયે સ્થાનિક ગ્રામ પંચાયતની પરવાનગી મેળવી લેવી પડશે. જલ્દીથી સળગી ઉઠે તેવા સ્ફોટક પદાર્થોનો ઉપયોગ બાંધકામમાં થઇ શકશે નહીં. તેમજ આગ-અકસ્માત ન થાય તેવી વ્યવસ્થા રાખવા જરૂરી પ્રબંધ કરવો પડશે.

૨. સદર સર્વે નંબરમાં આ સિવાય વિશેષ બાંધકામ કરવા માટે અત્રેની પૂર્વમંજુરી મેળવ્યા સિવાય કોઇપણ પ્રકારનું બાંધકામ કરવું નહીં. કુલ ક્ષેત્રફળના ૪૦ % (ટકા) સુધી અત્રેની મંજુરીથી બાંધકામ થઇ શકશે અને ૬૦ % (ટકા) જમીન ખુલ્લી રાખવી પડશે. વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળના વિસ્તારમાં બાંધકામમાં ફેરફાર કરતાં અગાઉ કે વધારાનું બાંધકામ કરતા પહેલાં તેઓની તેમજ અત્રેથી મંજુરી મેળવવી પડશે.

૩. મંજુર કરેલ આકૃતિ આલેખન પ્રમાણે બાંધકામ કરવું પડશે. તે વિરુધ્ધ થઇ શકશે નહીં. આ પરવાનગી ફક્ત રહેઠાણના ૩૮૧ મકાનો બાંધવાના હેતુ માટે જ આપવામાં આવી છે. જેથી અત્રેથી પૂર્વમંજુરી મેળવ્યા સિવાય પરવાનગી હેઠળની જમીનનો કે તે ઉપરના બાંધકામો અન્ય હેતુ માટે ઉપયોગ થઇ શકશે નહીં.

૪. કોઇપણ પ્રકારનું બાંધકામ પ્લોટની ધારથી અને જે બાજુથી રસ્તો હોય તે બાજુથી નાયબ નગર નિયોજકશ્રી વુડા ધ્વારા મંજુર કરવામાં આવેલ નકશામાં દર્શાવેલ અંતરની અંદર થઇ શકશે નહીં. ગણોતધારાની કલમોને આધીન રહીને તથા રસ્તા રેષા નિયમોનું પાલન કરવાની શરતે પરવાનગી આપવામાં આવી છે.

૫. આ પરવાનગી મળ્યા તારીખથી છ માસની અંદર અરજદારે માપણી ફી ભરી માપણી કરાવી બીનખેતીનો પ્લોટ પડાવી લઇ અને બાંધકામ શરુ કરવું પડશે. અને તે પ્રમાણે કરવામાં નહીં આવે તો તે બદલ ઠરાવેલ વિશેષ ધારો તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી જે દંડ ઠરાવશે તે ભરવો પડશે અને જો માપણી થયેથી કુલ ક્ષેત્રફળમાં વધ-ઘટ થશે તો તેવા ફેરફાર મુજબ વિશેષ ધારો ભરવો પડશે.

૬. સદરહું પરવાનગી મળ્યા તારીખથી છ માસમાં બાંધકામ શરુ કરી ત્રણ વર્ષની મુદતમાં પુરા કરવાનું રહેશે. અને બાંધકામ પૂરુ થયેથી માસ એકમાં અત્રે લેખિત ખબર આપવી પડશે. મુદતમાં બાંધકામ પુરા કરવામાં નહીં આવે તો પરવાનગી આપોઆપ રદ થશે અને ઠરાવેલ વિશેષધારો ભરવો પડશે.

૭. સદરહું પરવાનગી પ્રમાણે બાંધકામ શરુ કર્યા તારીખથી એક માસની અંદર અરજદારે તલાટી મારફતે તાલુકા વિકાસ અધિકારીશ્રીને ખબર આપવી પડશે. તે પ્રમાણે નહીં થશે તો જિલ્લા વિકાસ અધિકારીશ્રી જે દંડ ઠરાવશે તે ભરવો પડશે.

૮. બાંધકામ શરુ કરવામાં આવે અને અપીલની મુદત પુરી થાય કે તુર્ત જ નમૂના નંબર ''એમ'' માં અરજદારે તાલુકે સનંદ ભરી આપવી પડશે અને તે વિરુધ્ધ વર્તન કરવામાં આવશે તો જિલ્લા વિકાસ અધિકારીશ્રી જે દંડ ઠરાવશે તે ભરવો પડશે.

૯. જમીન ઉપર કરવાનાં સૂચિત બાંધકામનો પ્લાન કેન્દ્ર સરકારનાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયનાં તા.૧૫-૩-૭૯ના જાહેરનામાં ધ્વારા મુકવામાં આવેલ પ્રતિબંધો અને જોગવાઇઓ સાથે સુસંગત રહીને તૈયાર કરી સબંધિત સક્ષમ સંસ્થા-અધિકારી પાસે તે મંજુર કરાવ્યા બાદ મંજુર કરેલા બાંધકામના પ્લાન મુજબ ભવિષ્યમાં કોઇ ફેરફાર કે સુધારો વધારો કરવા અંગે બાંધકામનો પ્લાન મંજુર કરાવવાનાં પ્રસંગે તથા તેના અનુસંધાનમાં બાંધકામ કરવાનું થાય ત્યારે કેન્દ્ર સરકારનાં ઉક્ત જાહેરનામાની જોગવાઇઓ અને નિયમોનું પાલન થાય તે પ્રમાણે બાંધકામ કે સુધારા વધારા કરાવવાનાં રહેશે.

૧૦. સદર બાંધકામની કાર્યવાહીમાંથી નિકળતો ગંદો કચરો, પાણી વિગેરેનો જાહેર સલામતી અને સુખાકારીને નડતર રુપ ન બને તે રીતે અરજદારે પોતાના ખર્ચે નિકાલ કરવા યોગ્ય પ્રબંધ કરવો પડશે. અને તે પ્રમાણે કરવામાં ચૂક થયેથી જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમ કરી લેશે અને થયેલ ખર્ચની રકમ જમીન મહેસુલની બાકી પ્રમાણે અરજદારથી વસુલ કરવાને પાત્ર થશે.

Executive Magistrate Vadodara

૧૧.સદરહું પરવાનગીથી બીનખેતીમાં ફેરવવામાં આવેલ જમીન વર્ગ-૧ (એક) માં આવતી હોવાથી તે જમીનનાં ચો.મીટર ૪૪૭૮૫ નો દર ચો.મીટરનાં રૂ.૦૦.૦૮ પૈસા લેખે વિશેષ ધારો રૂ.૩૫૮૨-૮૦ અંકે રૂપિયા ત્રણ હજાર પાંચસો બ્યાંસી અને એંસી પૈસા પુરા ઠરાવવામા આવે છે. આ વિશેષધારાનીરકમ ઉપરાંત ૨૫ ટકાનાં ધોરણે શિક્ષણ ઉપકર તથા ઠરેલા ધોરણે લોક્લ ફંડ તેમજ સરકાર નિયુકત અન્ય કરવેરા અરજદારે-ખાતેદારે ૨૦૦૦-૨૦૦૧ ના વર્ષથી દર વર્ષે આ રકમમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી ભરવા પડશે.

૧૨.વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળે આપેલ પરવાનગીમાં જણાવેલ શરતોનું પાલન કરવાની શરતને આધિન રહી આ પરવાનગી આપવામાં આવે છે. તેમજ વુડાની શરત નં.૪ માં જણાવ્યા મુજબ સી ટાઇપના બ્લોક નં.૨૨૬ થી ૨૩૦, ૨૩૨ થી ૨૪૨, ૨૬૮ થી ૨૮૨, ૧૨૮, ૧૩૧ તથા બી ટાઇપના બ્લોક નં. ૧૨૯, ૧૩૦, ૧૬૭, ૧૬૮, ૬૬ થી ૬૯, ૭૮ થી ૮૧ વાળા મકાનો મુળ ખંડ હદની બહાર સ્થીત થયેલ હોઇ આ ટીપી સ્કીમ અંતિમ થયેથી ફાઇનલ પ્લોટનો કબજો મળ્યા બાદ આ મકાનોનું બાંધકામ જરૂરી રીવાઇઝડ/રીન્યુઅલ વિકાસ પરવાનગી મેળવીને કરવાનું રહેશે તેમજ શરત નં.૫ મુજબ બ્લોક નં.૩૫૧ થી ૩૫૪ તથા ૩૭૦ થી ૩૭૪ વાળા મકાનોનું બાંધકામ ફાઇનલ પ્લોટનો પૂરેપૂરો કબજો મળ્યા બાદ એટલે કે આ ટીપી સ્કીમ અંતિમ થયા બાદ કરવાનું રહેશે.

૧૩.પ્લોટની હદે આંતરિક રસ્તાઓ ઉપર અને કોમન પ્લોટમાં કોઇને અંતરાયરુપ ન થાય તે રીતે યોગ્ય સ્થળોએ વૃક્ષારોપણ કરવું પડશે.

૧૪. સદરહું પરવાનગીથી બીનખેતીમાં ફેરવવાની થતી જમીનનો રુપાંતર કર દર ચો.મીટરે રુપિયા ૫-૦૦ (પાંચ) પ્રમાણે ચો.મીટર ૪૪૭૮૫ ની થતી રકમ રૂ.૨,૨૩,૯૨૫ અંકે રુપિયા બે લાખ ત્રેવીસ હજાર નવસો પચ્ચીસ પુરા ઠરાવવામાં આવે છે. રૂપાંતર કરની રકમ તા.૨૫-૯-૨૦૦૦ ના રોજ સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા. વડોદરામાં જમા કરાવી ચલણ રજુ કરેલ છે.

૧૫. (૧) સહિયારા-કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની સહિયારી માલિકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરની સહિયારી માલિકીની ગણાશે. તે ઉપર મૂળ માલિકનો કોઇ હકક રહેશે નહીં.

(૨) બાંધકામનાં નિયમોની જોગવાઇ પ્રમાણે સોસાયટીના સહિયારા ઉપયોગ માટે ક્લબ, ઓફીસનું મકાન સહકારી ભંડાર બાંધવા કોમન પ્લોટનાં ૧/૬ જેટલા ભાગનાં ક્ષેત્રફળમાં બાંધકામ કરવા પ્લોટ હોલ્ડર ઇચ્છે તો મંજુરી મેળવી તેમ કરી શકશે.

(૩) ઉપર-(૨) માં જણાવ્યા સિવાયનાં કોઇપણ હેતુ માટે તે સાર્વજનિક ઉપયોગ હોય તો પણ કોમન પ્લોટમાં બાંધકામ કરી શકાશે નહીં.

(૪) રસ્તા અને કોમન પ્લોટની જમીનનું હરાજીથી, બક્ષીસથી કે અન્ય કોઇ રીતે વેચાણ કે તબદીલી થઇ શકશે નહીં.

(૫) સાર્વજનિક પ્લોટ - રસ્તા સહિતની સમગ્ર જમીનનો બીનખેતી આકાર પ્લોટો, વેચાણ કરવામાં આવે ત્યાં સુધી મૂળ ખાતેદારે અને પ્લોટો વેચાણ કર્યાથી તમામ પ્લોટ હોલ્ડરે પ્રમાણસર ભરવાનો રહેશે.

(૬) કોમન પ્લોટ-રસ્તાની જમીનનું રાજીનામું આપે ત્યારે બીનખેતી આકાર કમી કરવાનો થાય છે. તેમ છતાં રસ્તા અને કોમન પ્લોટનો ઉપયોગ તો સોસાયટીનાં રહીશો ને જ સહિયારો કરવાનો રહે છે.

૧૬. ઉપર પ્રમાણેની શરતો તથા સનદમાં જે શરતો હોય તેનો ભંગ કરવામાં આવશે તો જમીન મહેસુલ બાબતના કાયદાનાં ઠરાવોની રુઇએ બીજી કોઇપણ શિક્ષાને પાત્ર હોય તેનો બાધ આવ્યા સિવાય દંડ ઠરાવવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને અધિકાર રહેશે.

Executive Magistrate Vadodara

૧૭. ઉપરની કલમોમાં ગમે તે મજકુર ઠરાવ્યો હશે છતાં આ પરવાનગીની શરતો વિરુધ્ધ કોઇપણ ઇમારત અગર બાંધકામ કરવામાં આવશે તો જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ઠરાવેલી મુદતમાં તે કાઢી નંખાવવા અગર તો તેમાં ફેરફાર કરવાનું ફરમાવવા મુખત્યાર રહેશે. તેમ છતાં નમુદ કરેલા સમયમાં તે કાઢી નાંખવામાં ન આવે કે તેમાં ફેરફાર કરવામાં ના આવે તો જિલ્લા વિકાસ અધિકાકરીશ્રી તેમ કરી લેવાની તજવીજ કરશે અને તે બદલ થયેલા ખર્ચની રકમ જમીન મહેસુલની બાકી પ્રમાણે અરજદારથી વસુલ કરવાને પાત્ર થશે.

સહી: ડી. તારા
જિલ્લા વિકાસ અધિકારી
વડોદરા.

<u>રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી (મંજુર કરેલ નકશા સહ)</u>

પ્રતિ,
શ્રી અંબાલાલ મોતીભાઇ પટેલ
વિગેરેના કુ.મુ.શ્રી મહેન્દ્રભાઇ ઇશ્વરભાઇ પટેલ
૧૬, અતુલપાર્ક સોસાયટી, કારેલીબાગ,
વડોદરા.

<u>નકલ રવાના :-</u>

૧. તાલુકા વિકાસ અધિકારીશ્રી વડોદરા તરફ કામનાં કાગળો પાન નંબર ૧ થી ......સુધી સામેલ છે. તે અંગે ગામ દફતરે જરુરી નોંધ કરાવી તેમજ માપણી ફી વસુલ કરીને જમા કરાવવા,માપણી કરાવવા અને સનદો ભરાવવા અંગે ઘટિત તે કાર્યવાહી હાથ ધરવા સારુ.

૨. તલાટી વ મંત્રીશ્રી સયાજીપુરા, તા. વડોદરા, જિ.વડોદરા તરફ જાણવા તથા અમલ થવા સારું.
(મંજુર કરેલા નકશા સહ)

<u>નકલ જયભારત સહ રવાના :-</u>

૧. કલેકટરશ્રી, કોઠી કચેરી, વડોદરા તરફ.
૨. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, શહેરી વિકાસ સત્તા મંડળ, ફતેગંજ. વડોદરા.
૩ ડી.આઇ.એલ.આર.શ્રી, કોઠી કચેરી વડોદરા.

રવાના કર્યું :-

જિલ્લા વિકાસ અધિકારી,
વડોદરા, વતી.

naorder

ATTESTED COPY
Executive Magistrate
Vadodara.

ગામ :- સયાજીપુરા, તાલુકો :- વડોદરા.

બીનખેતી આકારની વસુલાતમાં ઢીલ નિવારવા બાબતનું પત્રક રેવન્યુ વિભાગના પરિપત્ર નં.બખપ-૧૦૭૯ ૩૯૧૧ ક, તા.૨૩-૭-૭૯ અન્વયે.

| બીનખેતી પરવાનગી આપેલ જમીનનો સ.નં.ક્ષેત્રફળ તથા કબજેદારનું નામ. | બીનખેતી પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ | નિયમ મુજબ લેવાના :- બીનખેતી આકારની દર તથા કેવા પ્રકારના બીનખેતીનો ઉપયોગ છે તેની વિગત. | વસુલ કરવાનાં બીનખેતી આકારની કુલ રકમ. | રૂપાંતર કરવેરો લેવાનો થતો હોય તેની રકમ રૂ. પૈસા | [illegible]વેરો લેવાનો હોય તો તેની રકમ. | અન્ય કોઈ વેરો વસુલ કરવાનો હોય તો તેની રૂ. | કો.નં.૪-૬-૭ ના વેરા કંઈ તારીખથી લેવાના છે. | વિશેષ નોંધ. |
|---|---|---|---|---|---|---|---|---|
| મોજે: સયાજીપુરા<br>તા.વડોદરા<br>સર્વે નં.૭૪ ફા.પ્લોટ નં.૭૮, ટીપી નં.૧ સયાજીપુરા<br>ક્ષેત્રફળ: ૪૪૭૮૫ ચો.મી.<br>કબજેદાર :<br>શ્રી અંબાલાલ મોતીભાઈ પટેલ વિગેરે | ૪૪૭૮૫ ચો.મી. | રૂા. - પૈસા ૦૦.૦૮ રહેઠાણના હેતુ માટે | રૂ.૩૫૮૨-૮૦ અંકે રૂપિયા ત્રણ હજાર પાંચસો બ્યાંસી અને એંસી પૈસા પુરા. | રૂ.૨,૨૩,૯૨૫ અંકે રુપિયા બે લાખ ત્રેવીસ હજાર નવસો પચ્ચીસ પુરા. તા.૨૫-૯-૨૦૦૦ ના રોજ સ્ટેટબેન્ક ઓફ ઇન્ડિયા, માંડવી, વડોદરામાં ભરેલ છે. ચલણ રજુ કરેલ છે. | રૂા. - પૈસા ૮૯૫-૭૦ અંકે રુપિયા આઠસો પંચાણું અને સીત્તેર પૈસા પુરા. | લોકલ ફંડ સેસ તથા સરકારશ્રી નિયુક્ત અન્ય કરવેરા હોય તો તે. | ૨૦૦૦-૨૦૦૧ થી વખતોવખત થનાર સુધારાને આધીન. | |

રવાના કર્યું:-

જિલ્લા વિકાસ અધિકારી
વડોદરા વતી.

સહી: ડી. તારા
જિલ્લા વિકાસ અધિકારી
વડોદરા.

ATTESTED COPY
Executive Magistrate
Vadodara.

Executive Magistrate Vadodara

naorder